ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં. ૪/પરીક્ષા/૧૯-૨૦/ રજી/એ.ડી/ By Email 737 તા. 12-03-૨૦૨૦

## -: પ રિ પ ત્ર :-

આથી યુનિવર્સિટી સંલગ્ન સર્વે આયુર્વેદ કોલેજોના આચાર્યશ્રીઓને જાણ કરવામાં આવે છે કે, એપ્રિલ-૨૦૨૦ની આયુર્વેદાચાર્ય (બી.એ.એમ.એસ.) પ્રથમ, દ્વિતીય, તૃતીય, તથા ચતુર્થ પ્રોફેશનલ વર્ષની **લેખિત પરીક્ષાઓ તા.૧૫-૦૪-૨૦૨૦થી શરૂ થશે. જયારે પ્રેક્ટીકલ પરીક્ષાઓ તા.૨૭-૦૪-૨૦૨૦ થી શરૂ થશે.** જેની નોંધ લેવા વિનંતી છે. વધુમાં આ અંગેની જાણ સર્વે સંબંધિત વિદ્યાર્થીઓને તેમજ ટીચીંગ, નોન ટીચીંગ સ્ટાફને કરવાની રહેશે.

**તેમજ વધુમાં જણાવાનું કે, એક્ઝામિનેશન કંટ્રોલ બોર્ડની તા.૦૩/૦૪-૦૩-૨૦૨૦ના રોજ યોજાયેલ સભામાં કાર્યસૂચિ-૩થી થયેલ નિર્ણય અનુસાર એપ્રિલ-૨૦૨૦ની લેવાનાર પ્રેક્ટીકલ પરીક્ષા એક્ષટર્નલ એકઝામિનર (બાહય પરીક્ષક) દ્વારા લેવામાં આવશે. આ નિર્ણયની આચાર્યશ્રીએ નોંધ લેવી અને આ બાબતથી સર્વે સંબંધિતશ્રીઓ તથા વિદ્યાર્થીઓને માહિતગાર કરવા આદેશાનુસાર જાણ કરવામાં આવે છે.**

( ડો. એ. કે. જાડેજા )
નાયબ કુલસચિવ

પ્રતિ,
યુનિ. સંલગ્ન સર્વે આયુર્વેદ કોલેજના આચાર્યશ્રીઓ તરફ........ ( ૨ નકલમાં )
ઉપરોકત બાબતોની વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે તે હેતુ નોટિશ બોર્ડ પર મૂકવાની વિનંતી સહ.

નકલ રવાના:-

(૧) સિન્ડિકેટના સર્વે સદસ્યશ્રીઓ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર. ( By Email )
(૨) પી. એસ. ટુ વી. સી.
(૩) પી. એ. ટુ રજીસ્ટ્રાર.
(૪) નિયામકશ્રી- બોર્ડ ઓફ સ્પોર્ટસ.
(૫) માહિતી વિભાગ.
(૬) પી.પી.એસ.(આઈ.ટી) વી.સી., યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.
(૭) એસ.એફ.આઈ. (પરીક્ષા).

ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

ખૂબજ અગત્યનું/ખાનગી

નં. જ/પરીક્ષા/૧૯–૨૦/ કંટ્રોલ બોર્ડ/૭૩૧ By Email તા.૧૨–૦૩–૨૦૨૦

–:પરિપત્ર:–

એકઝામિનેશન કંટ્રોલ બોર્ડની તા.૦૩/૦૪–૦૩–૨૦૨૦ની સભામાં કાર્યસૂચિ–૬થી થયેલ નિર્ણય અનુસાર આગામી સમયથી યુનિવર્સિટી દ્વારા લેવાનાર લેખિત પરીક્ષાની કામગીરી માટે ઉત્તરવહીના મૂલ્યાંકન હેતુ નિયુકત કરેલ પરીક્ષકશ્રીઓના નિવાસસ્થાને ઉત્તરવહીના મૂલ્યાંકન માટે આપવામાં આવતી કામગીરીમાં રોકાયેલ પરીક્ષકશ્રીઓને યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરી શકે તે હેતુથી કોલેજના કાર્યને ધ્યાને લઈ પોતાની ફરજના સમય દરમ્યાન ત્રણ કલાક જવા દેવાની સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ પરવાનગી આપવાની રહેશે. આ અંગે સંબંધિત પરીક્ષકશ્રીઓએ યુનિવર્સિટી દ્વારા અપાયેલ નિમણુંક પત્ર આચાર્યશ્રી સમક્ષ રજુ કરી પરવાનગી મેળવવાની રહેશે. તેમજ મૂલ્યાંકન કામગીરી પૂર્ણ થયે તે અંગેની જાણ આચાર્યશ્રીને કરવાની રહેશે.

સદરહુ નિર્ણયની આચાર્યશ્રીઓએ નોંધ લેવી, તેમજ કોલેજ/સંસ્થામાં ફરજો બજાવતા સર્વે સંબંધિત પ્રાધ્યાપકશ્રીઓને આ અંગેની જાણ કરવા સૂચના આપવામાં આવે છે.

HZhala
12-3-2020

( એચ. પી ઝાલા )
કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજના આચાર્યશ્રી તરફ (૨ નકલ )
નકલ રવાના : –

(૧) પી.એસ.ટુ વી.સી.
(૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર.

ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

ખૂબજ અગત્યનું/ખાનગી

નં. ૪/પરીક્ષા/૧૯-૨૦/ કંટ્રોલ બોર્ડ/738 By Email તા.12-૦૩-૨૦૨૦

-:પરિપત્ર:-

એકઝામિનેશન કંટ્રોલ બોર્ડની તા.૦૩/૦૪-૦૩-૨૦૨૦ની સભામાં બાબત-૧થી થયેલ નિર્ણય અનુસાર આગામી એપ્રિલ-૨૦૨૦થી યુનિવર્સિટી દ્વારા લેવાનાર લેખિત પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને ૪૦ પેઈઝની ઉત્તરવહી આપવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવેલ જેથી પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ સંબંધિત વિષયના બધાજ પ્રશ્નપત્રોના ઉત્તરો ફકત ૪૦ પેઈઝની મુખ્ય ઉત્તરવહીમાંજ પૂર્ણ કરવાના રહેશે, તેમજ વધારાની પૂરવણી આપવામાં આવશે નહી.

આ નિર્ણયની આચાર્યશ્રીઓએ નોંધ લેવી, તેમજ કોલેજ/સંસ્થામાં ફરજો બજાવતા પ્રાધ્યાપકશ્રીઓ, પરીક્ષા કાર્ય સાથે સંકળાયેલ સર્વે સંબંધિતશ્રીઓ **તેમજ સર્વે વિદ્યાર્થીઓને આ અંગેની ખાસ જાણ કરવા સૂચના આપવામાં આવે છે.**

Hzhala
12-3-2020

( એચ. પી ઝાલા )
કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજના આચાર્યશ્રી તરફ (૨ નકલ )
નકલ રવાના : –
(૧) પી.એસ.ટુ વી.સી.
(૨) પી. એ. ટુ રજીસ્ટ્રાર.